લેખાંક-૧૩

# વિદેહ અમરત્વ - વ્યાસપુત્ર શુકદેવજી

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

આગાઉના બે લેખોમાં મહાભારતમાં રહેલા અમૃતઝરણારૂપી ગીતાના ત્રીજા અધ્યાયના ત્રણ શ્લોકો કે જેને શુકદેવજીના ગુરુએ જ્ઞાનપ્રાપ્તિ દરમ્યાન સમજાવ્યા હતા, તે ત્રણે શ્લોકો શુકદેવજીના માનસપટ પર કબજો કરી લે છે. હવે તેમને પિતાની વાતમાં રસ પડવા માંડે છે. તેઓ વિચારે છે કે ભગવાનના મુખેથી ઉચ્ચારણ કરાયેલા, ભગવાન જેવા ગુરુએ સમજાવેલા અને અનુભવસિદ્ધ પિતાશ્રીએ દર્શાવેલા આ શ્લોકોના અર્થને વાસ્તવિક જીવનમાં જેમણે ઉતાર્યા છે, તેવા સિદ્ધપુરુષ રાજા

> શું હું પણ ગૃહસ્થાશ્રમમાં રહીને આ પ્રમાણેનું જીવન જીવી પિતાશ્રીની ઇચ્છા પૂર્ણ કરી શકું? આવા અનેક પ્રશ્નોના મનોમંથનના અંતે તેમના મનમાં રાજા જનકને મળવાની ઇચ્છા પ્રબળ બની

જનકને મારે હવે મળવું જોઈએ. ગ્રંથોની વાતોને વાસ્તવિક જીવન સાથે સંકળાયેલ જોવાની તો આ અદભુત તક છે. રાજા જનકને મળીને મારે એ સમજવું જોઈએ કે તેઓ દેહમુક્ત રહીને રાજ્ય કેવી રીતે ચલાવે છે? શું મારા માટે આ માર્ગ શક્ય છે? શું હું પણ ગૃહસ્થાશ્રમમાં રહીને આ પ્રમાણેનું જીવન જીવી પિતાશ્રીની ઈચ્છા પૂર્ણ કરી શકું? આવા અનેક પ્રશ્નોના મનોમંથનના અંતે તેમના મનમાં રાજા જનકને મળવાની ઈચ્છા પ્રબળ બની. અને તેમણે મિથીલાપુર જવાનો મનોમન નિર્ણય કર્યો.

આ નિર્ણય કર્યા બાદ તેઓ પિતાશ્રી મહર્ષિ વ્યાસજીને કહે છે કે, "આપના દ્વારા જનકરાજાની જે વાત મેં સાંભળી તેને સમજવા અને મારા મનમાં ઉઠેલી શંકાનું સમાધાન કરવા મારે હવે આપે જણાવેલા રાજાઓમાં શ્રેષ્ઠ તે વિદેહ રાજાને મળવું પડશે અને તેમને જોવા પડશે. મારે હવે મિથીલાપુર જવું આવશ્યક છે. આપના મુખેથી રાજા જનકની આવી પ્રશંસા સાંભળી મને જનક નરેશને જોવાની



અને મળવાની ખુબ જ ઉત્કંઠા જાગી છે. માટે મારો સંદેહ દૂર કરવા માટે હું મિથિલાનગરી તરફ પ્રયાણ કરવાની ઈચ્છા ધરાવું છું".

આ પ્રમાણે પિતા વ્યાસજીને કહીને ઉદાર મનવાળા શુકદેવજી પિતાશ્રીના ચરણોમાં પડ્યા. હાથ જોડીને પિતાની આજ્ઞા માંગી, અને સાથે જ કહ્યું, "મારા પૂછવાથી આપે મને જે આજ્ઞા કરી, તેનો હું સ્વીકાર કરું છું. જનકરાજા દ્વારા સુરક્ષિત રહેલું વિદેહનગર મિથીલાપુર ખરેખર તો મારા વિચારોની શંકાનું સમાધાન કરે તેવું જણાય છે. મારે ત્યાં જઈને એ સમજવું છે કે જનક મહારાજ કોઈને દંડ આપ્યા વિના કઈ રીતે રાજ્ય કારોબાર સંભાળે છે? ખરેખર તો ધર્મની રક્ષા માટે દંડ અનિવાર્ય છે. મનુ મહારાજ અને મહર્ષિઓ દ્વારા પણ આ જ વાત પ્રસ્થાપિત થયેલી છે. તો પછી જનકરાજા પોતાનો નિયમ કઈ રીતે લાગૂ કરી શકે છે? મને આ વાત એવી લાગે છે કે જાણે કોઈ એમ કહે કે 'મારી મા વંધ્યા છે'. આપ એક મહાન તપસ્વી છો. આથી મિથીલાપુર જતા પહેલા હું મારા હૃદયના ભાવ આપની સમક્ષ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી દઉં છું".

શુકદેવજીના મનમાં મિથીલાપુર જવાનો નિશ્ચય જાણી, પરમજ્ઞાની અને દઢ વૈરાગી પુત્રને છાતી સરસા ચાપી વ્યાસજી શુકદેવજીને કહેવા લાગ્યા, "બેટા તારું કલ્યાણ થાવ. તું દીર્ઘ આયુષ્યવાળો થા. અત્યંત બુદ્ધિમાન એવા તે સાચી પ્રતિજ્ઞા કરી છે. તું આનંદપૂર્વક મિથીલાપુર જઈ શકે છે. પરંતુ એ વાતની મને ખાત્રી આપ કે ત્યાંથી મારા આ ઉત્તમ આશ્રમે પાછો આવજે. અન્ય કોઈ જગ્યાએ જઈશ નહિ. તારા મુખ કમળને જોઈને હું મારું જીવન સુખેથી વિતાવી શકીશ. તું જો મારી આંખો સામે નહિ રહે તો હું દુ:ખી થઇ જઈશ. કારણકે તું જ મારો પ્રાણ છે. જનકરાજા પાસે તારા સંશયની નિવૃત્તિ થતા, તરત જ પાછો અહી આવી જજે અને વેદોનું અધ્યયન કરતા સુખપૂર્વક મારી સાથે રહેજે".

વ્યાસજીની વાત સાંભળીને શુકદેવજીએ તેમના ચરણોમાં મસ્તક નમાવ્યું. પ્રદક્ષિણા કરી અને તે જ ક્ષણે એટલી ઝડપે નીકળી ગયા, કે જાણે ધનુષ્યમાંથી બાણ છૂટ્યું હોય. તેમને રસ્તામાં અનેક સમૃદ્ધ દેશ, વન, વૃક્ષો, ધાન્યથી લહેરાતા ખેતરો, અનેક તપસ્વીઓ, મંત્ર દીક્ષાથી શોભતા યજમાનો, યોગાભ્યાસમાં ડૂબેલા યોગીઓ, વાનપ્રસ્થો, ઉપરાંત શિવજીના, સૂર્યના, શક્તિના અને વિષ્ણુના ઉપાસકો જોવા મળ્યા. અનેક પ્રકારના ધર્મો જોવામાં આવ્યા. સત્યની સમજણ વિનાના આ ચુસ્ત ઉપાસકો અને ધર્મી વ્યક્તિઓની જડતા ને જોતા અને મનમાં મંદ હાસ્ય વડે મલકાતા મહાબુદ્ધિશાળી શુકદેવજી ક્રમશઃ સુમેરુ પર્વત અને હિમાલયને ઓળંગીને મિથિલાનગર પહોંચ્યા. આ નગરના દ્વાર પર દ્વારપાલ હતા. તેમણે શુકદેવજીને રોક્યા અને પૂછ્યું કે અહી પધારનાર આપ કોણ છો? આપના આવવાનું પ્રયોજન શું છે? આમ દ્વારપાલે પોતાની ફરજ પ્રમાણે પૂછ્યું પરંતુ શુકદેવજીએ કોઈ ઉત્તર આપ્યો નહિ. તેઓ નગરના પ્રવેશદ્વારની બહાર વૃક્ષના ઠૂંઠાની જેમ અચળ ઉભા રહી ગયા. તેમનું મન આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયું. મોઢા પર હાસ્ય રેલાયું. તેઓ ત્યાં જ સ્થિર ઉભા રહી ગયા પરંતુ તેમના મુખેથી એકપણ શબ્દ નીકળ્યો નહિ.

મિત્રો આ લેખશ્રેણીના ચોથા લેખાંકમાં જણાવ્યું હતું તેમ શુકદેવજીના જન્મની હકીકત આપણે બે અલગ અલગ કથાઓ દ્વારા સમજીશું. અને આ બંને કથાઓને જનકરાજાની મિથિલાનગરીના દ્વાર સુધી શરૂઆતમાં લઇ જશું. ત્યારબાદ બંને કથાઓને આગળ સમજશું, કારણકે શરૂઆતની બંને કથાઓમાં પુરાણોમાં ભેદ છે. આજના લેખ સુધી આપણે શુકદેવજીના જન્મની એક કથાનું રસપાન કર્યું, આવતા અંકથી બીજી કથા સમજશું. પહેલી કથા મહાદેવજીના વરદાનથી પ્રાપ્ત વ્યાસજીના અયોનિજ પુત્રનું વર્ણન કરે છે. જ્યારે બીજી કથામાં મહાદેવજીના એ સ્થળ કે જે અમરનાથ તરીકે હાલમાં ઓળખાય છે તેનું વર્ણન છે.

અગત્યની વાત એ છે કે પુરાણોએ દર્શાવેલ આ બંને કથાઓનો આપણે તાત્વિક અર્ક અને મર્મ સમજવાનો છે.

આપણી દ્રષ્ટિ એવા આધ્યાત્મિક દ્રષ્ટિકોણ તરફ રાખવાની છે, કે આ આધ્યાત્મિક લેખશ્રેણી દ્વારા આપણે શુકદેવજીના જન્મ અને જીવનના ભેદને સમજી શકીએ. મનુષ્ય જીવનમાં શરીર અને આત્મા બાબતનું ચિંતન તેમજ વૈરાગ્યના નિરૂપણની જરૂરિયાતને સમજી શકીએ. પરમાત્માના નિર્ગુણ, નિરાકાર, ઉભય સ્વરૂપને સમજી શકીએ.

આવતા લેખોમાં બીજી કથાનું રસપાન કરવા તૈયાર છો ને?

ક્રમશ..

# કટાયેલ લોઢું

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના નૈઋત્ય ખૂણામાં સુંદર બીચ ધરાવતા દિઘાની બાજુમાં, ઓરિસ્સાની સરહદ પર ખરગપુર જિલ્લામાં સુવર્ણરેખા નદીના પશ્ચિમ કાંઠે, ભાંસરા ગામના સીમાડે, જોજલદાસ બાઉલનો આશ્રમ છે.

અમે તેના આશ્રમે ગયા ત્યારે નામ સાંભળીને જ થોડું કુતૂહલ થયું હતું. ('જોજલ'નો બંગાળીમાં અર્થ થાય છે 'કટાયેલો!')

બાઉલ સરળ હોય એ ખરું પણ નામ પ્રત્યેના અમારા કુતૂહલને સમજી ન શકે એટલા ભોટ પણ હોતા નથી! સાથે રહેલ બે ગુજરાતી મિત્રોએ ગુજરાતી ભાષામાં ચર્ચા કરી કે આ બાઉલનું 'કટાયેલો' નામ કેમ હશે? ગુજરાતી ન જાણતાં હોવા છતાં પણ બાઉલ આ વાતનો મર્મ પામી ગયા!

તેમણે અમારી સાથે વાત શરૂ કરી, ''તમને થતું હશે કે મારું આવું નામ કેમ છે? પરંતુ અમારી પરંપરામાં ગુરુ, શિષ્યને શાન, જ્ઞાન વગેરે બધું આપે છે તે સાથે નામકરણ પણ તેઓ જ કરે છે. તે જે નામ આપે તેને અમે પ્રસાદ સમજી ગ્રહણ કરી લઈએ છીએ. મારામાં આળસ તથા લોઢાના કટાઈ ગયેલા ભાગ જેમ જલ્દી ખૂલતા નથી તેમ વાતને ઝડપથી ન સમજી જવાનો દુર્ગુણ છે. મારા ગુરુ તે જાણતા હતા તેથી મને તે બંને દુર્ગુણો તરફ સતત લક્ષ રહે તે માટે મારા ગુરુએ મારું નામ આવું રાખ્યું છે. બધી જ



શિક્ષા પૂર્ણ થયા પછી પણ હું આળસને લીધે અલગ આશ્રમ સ્થાપી નહોતો રહેતો. મારી તે અકર્મણ્યતા પણ ગુરુને ધ્યાનમાં હતી.

એક વખતે તેમણે આશ્રમના બગીચામાં રહેલ પંખીનો માળો બતાવીને મને કહ્યું, ''જો બેટા! આ માળામાં સૌ પ્રથમ પંખીએ ઈંડું મૂક્યું, તે પછી સતત તેને હૂંફ આપી સેવ્યું. તે માંસના લોચામાંથી બચ્ચું ન થઈ જાય ત્યાં સુધી ઈંડાની અંદર ને અંદર રાખીને તેને ઉછેર્યું. અંદર રહેલ બચ્ચાને માતાના સ્પર્શ થયા વિનાની હૂંફ સતત મળતી રહી, તેને આ હૂંફ ખૂબ ગમતી હતી. બચ્ચું ઈંડામાં પુખ્ત થયું પછી તેને અંડાકાશ નાનું પડવા લાગ્યું. તે ઈંડામાં બેઠું બેઠું વિચારતું હતું કે મા ક્યારે આ સફેદ આવરણને તોડી મને બહાર કાઢે! પરંતુ બધી જ શુશ્રૂષા કરનાર માતાએ ક્યારેય આ સફેદ આવરણને ભેદ્યું નહીં. તેની શક્તિશાળી ચાંચ માટે તો આ કામ ખૂબ સહેલું હતું! છતાં પણ તેણે તેને ભેદવાનું દુ:સાહસ કરવાની તૈયારી ન બતાવી.

આ વિલંબથી કંટાળી, બચ્ચાએ તેના નાજુક પગના એક નખ વડે ઈંડાના સફેદ કવચને તોડી નાખ્યું! તે કમજોર હતું અને નિયમ છે કે કમજોરને ગુસ્સો વધુ હોય. તે માતા તરફ ગુસ્સાથી જોઈ અને જાણે પૂછતું હતું કે તું કેવી મા છો? હું અંદર ઈંડામાં ગુંગળાતું હતું છતાં તે કોચલું તોડ્યું નહીં?

ત્યારે મા પંખીએ બચ્ચાને કહ્યું કે, ''બેટા, આપણાં કોચલાં તો આપણે જ ભેદવાં પડે! જો બીજા ભેદે તો તે આપણને મૃત્યુ તરફ લઈ જાય!''

બાઉલ બોલ્યા, ''પછી ગુરુ મારા તરફ જોઈ બોલ્યા કે, ''તે રીતે જ બેટા, તારા આશ્રમ માટે સ્થાન ઠેકાણું તારે જ શોધવું પડે, તે કંઈ હું ન શોધી આપું! કે ન કોઈને ભલામણ કરું!''

પછી આશિષ આપતા બોલ્યા, ''હા, આજે

> બચ્ચાએ તેના નાજુક પગના એક નખ વડે ઈંડાના સફેદ કવચને તોડી નાખ્યું! તે કમજોર હતું અને નિયમ છે કે કમજોરને ગુસ્સો વધુ હોય. તે માતા તરફ ગુસ્સાથી જોઈ અને જાણે પૂછતું હતું કે તું કેવી મા છો? હું અંદર ઈંડામાં ગુંગળાતું હતું છતાં તે કોચલું તોડ્યું નહીં?

તને નામ-દીક્ષા આપું છું, હવે તું 'જતીન'ને બદલે 'જોજલદાસ' નામથી ઓળખાઈશ! આ નામ લીંબુના ખાટા રસની જેમ, પ્રત્યેક ક્ષણે તારા મન, વાણી અને કર્મ પર રહેલ કાટને સદાય કાપતું રહેશે.''

બાઉલનું નામ ભલે જોજલદાસ હતું પણ અમને તો બાઉલના ચહેરા પર તાજા કપાયેલ લોઢા જેવી ચમક જોવા મળી!